# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RAJYASABHA ELECTION

રાજ્યની ચાર સહિત દેશની 24 રાજ્યસભાની બેઠકો પર દ્વિવાર્ષિક ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતમાં રામ મોકરિયા, નરહરિ અમીન, શક્તિસિંહ ગોહિલ અને રમીલાબેન બારાનો કાર્યકાળ 21 જૂને પૂર્ણ થઈ રહ્યો છે ત્યારે 18 જૂને મતદાન થશે. જ્યારે તે જ દિવસે સાંજે પાંચ વાગ્યે મતગણતરી હાથ ધરાશે. ચૂંટણી પંચની યાદીમાં જણાવ્યા પ્રમાણે પહેલી જૂને ચૂંટણીનું જાહેરનામું બહાર પડશે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ 8 જૂન રહેશે જ્યારે 11 જૂન સુધી ઉમેદવાર પત્રો પરત ખેંચી શકાશે.

. . . . . . . . . . . . . .

પીટીસી ગાંધીનગર – મયુર -ધ્વનિત

# GUJARAT STATCOM

રાજ્યમાં વધુ 7 સ્થળોએ વીજપ્રવાહ નિયમન માટેનું ઉપકરણ સ્ટેટિક સિન્ક્રોનસ કમ્પેન્સેટર એટલે કે STATCOM સ્થપાશે. આ પહેલ હેઠળ હાલના 220 kV સબસ્ટેશન અને આવનારા 400 kV ધોલેરા-2 સબસ્ટેશન ખાતે STATCOM સ્થાપવામાં આવશે. જે રાજ્યના વીજ માળખાને વધુ મજબૂત બનાવશે અને દરેક માટે ગુણવત્તાસભર તથા વિશ્વસનીય વીજ પુરવઠો સુનિશ્ચિત કરશે. 'સ્માર્ટ વોલ્ટેજ સ્ટેબિલાઇઝર' તરીકે ઓળખાતી આ પ્રણાલી ગ્રીડમાં વોલ્ટેજ સ્થિરતા, સતત વીજ પ્રવાહ સુનિશ્ચિત કરે છે અને ગ્રીડમાં કોઈ ફેરફાર થાય તો તરત જ પ્રતિક્રિયા આપે છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે ગીરસોમનાથના ટીંબડી સબસ્ટેશન ખાતે રાજ્યનું પ્રથમ અદ્યતન STATCOM સ્થાપિત કરીને પાવર ગ્રીડને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું.

# Digilocker

રાજ્યનું ડિજિલોકર ઇન્ટિગ્રેશનમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ રાષ્ટ્રીય સ્તરે સન્માન કરાયું. આ સાથે બસ પરિવહન ક્ષેત્રે ટેકનોલોજીના શ્રેષ્ઠ ઉપયોગ માટે પણ ગુજરાતને રાષ્ટ્રીય સ્તરે પુરસ્કૃત કરાયું. નવી દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં ડિજિલોકર ઇન્ટિગ્રેશનમાં યોગદાન બદલ ગુજરાતની કર્ણાટક, કેરલમ, નાગાલેન્ડ અને રાજસ્થાનના અધિકારીઓ સહિત સ્ટેટ ઇ-ગવર્નન્સ મિશન ટીમનું પણ રાષ્ટ્રીય સ્તરે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. રાજ્યમાં હવે ડિજિટલ દિવ્યાંગતા પ્રમાણપત્રો પણ ડિજિલોકર પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, જેને બતાવીને દિવ્યાંગ નાગરિકો સરળતાથી નિ:શુલ્ક સરકારી પરિવહનનો લાભ મેળવી શકે છે. ડિજિલોકર ડ્રાઇવીંગ લાયસન્સથી લઇને શૈક્ષણિક દસ્તાવેજો સુધીની વિશ્વસનીય ઉપલબ્ધતાને સુગમ રીતે સુનિશ્ચિત કરે છે.

# Death BY Electrocution

પંચમહાલના હાલોલ તાલુકાના પાટિયાના મુવાડા વિસ્તારમાં કરંટ લાગવાથી છોટાઉદેપુર જિલ્લાના બે યુવકોના મોત થયા હોવાના અહેવાલ છે. પ્રાથમિક માહિતી મુજબ, રૂમ સાથે જોડાયેલા લોખંડના સળિયામાં વીજ કરંટ ઉતરતા બંને યુવકોને કરંટ લાગ્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# DAHOD SELF ENUMERATION

વસતિ ગણતરી 2027 અંતર્ગત રાજ્યમાં સ્વ ગણતરી પ્રક્રિયા ચાલી રહી છે. રાજ્યના મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ સહિત નાગરિકો પણ આ પ્રક્રિયામાં હર્ષભેર ભાગ લઈ રહ્યા છે. ત્યારે દાહોદ જિલ્લાના નાગરિકોને સ્વ-વસ્તી ગણતરીમાં સહભાગી થવા જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાએ અનરોધ કર્યો છે.

**(બાઈટ – રવિરાજ સિંહ)**

# Food and Drug - Fake dairy product

સાબરકાંઠાના તલોદ તાલુકાના રોઝડ ગામમાં આવેલી 'ભોલેનાથ ડેરી' પર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ઓચિંતી તપાસ કરીને મોટી કાર્યવાહી કરવામાં આવી છે.

આ ડેરીમાં મોટા પાયે ભેળસેળવાળો માવો બનાવવામાં આવતો હતો. આ ઉપરાંત કોઈપણ પ્રકારના જરૂરી સરકારી લાયસન્સ વગર જ સ્વીટ બરફીનું ગેરકાયડેસર ઉત્પાદન પણ કરાતું હતું. આ સાથે ડેરીમાંથી અંદાજે રૂ. 5.10 લાખની કિંમતનો 2,548 કિલોગ્રામ ભેળસેળયુક્ત માવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું છે કે, જે તત્વો માત્ર નફાની લાલચમાં પ્રજાના આરોગ્ય સાથે રમત રમે છે તેમને રાજ્ય સરકાર ક્યારેય માફ નહીં કરે અને આગામી સમયમાં પણ આવી ભેળસેળયુક્ત પ્રવૃત્તિઓ કરનારાઓ સામે કડક કાર્યવાહી સતત ચાલુ રહેશે.

# National Arm Wrestling Championship

ગાંધીનગરના લવાડ ગામ ખાતે આવેલી સંસ્થા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને પીપલ્સ આર્મ રેસલિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આગામી 29 મે થી 2 જૂન 2026 દરમિયાન 4થી નેશનલ આર્મ રેસલિંગ અને પેરા આર્મ રેસલિંગ ચેમ્પિયનશિપ 2026નું આયોજન કરાયું છે.

આ સ્પર્ધામાં દેશના 25 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. અત્યાર સુધીમાં 780 થી વધુ રજીસ્ટ્રેશન થઈ ચૂક્યા છે. યજમાન ગુજરાતમાંથી પણ 105 જેટલા ખેલાડીઓએ આ સ્પર્ધા માટે નોંધણી કરાવી છે.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના અધિકારી ડૉ. ધર્મેશકુમાર પ્રજાપતિએ જણાવ્યું હતું કે, આ ચેમ્પિયનશિપ રમતગમતની ભાવના, શિસ્ત, એકતા અને સમાવેશીતાનું એક સશક્ત માધ્યમ બનશે. ખાસ કરીને દિવ્યાંગ ખેલાડીઓ માટેની 'પેરા આર્મ રેસલિંગ' આ ઇવેન્ટને વધુ પ્રેરણાદાયી બનાવશે.

આ અંગે તેમણે વધુ માહિતી આ મુજબ આપી હતી.

# National Powerlifting Championship

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાએ રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે મોટી સિદ્ધિ હાસિલ કરી છે. ગણદેવીના ખાપરવાડા ગામની દીકરી કશિશ રાઠોડે આંધ્રપ્રદેશ ખાતે યોજાયેલી નેશનલ એથ્લેટિક ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરીને આગામી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. કશિશે પાવરલિફ્ટિંગની વિવિધ કેટેગરીમાં કુલ 3 મેડલ જીતીને કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય થઈ છે.

કશિશની આ ગૌરવપૂર્ણ સિદ્ધિ અને તેની વર્ષોની સખત મહેનતને કારણે હાલ તેના વતન ખાપરવાડા અને સમગ્ર ગણદેવી પંથકમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આગામી સમયમાં તે આંતરરાષ્ટ્રીય મંચ પર ભારત દેશનું પ્રતિનિધિત્વ કરીને દેશને વધુ મેડલ અપાવશે તેવી આશા રમતપ્રેમીઓ રાખી રહ્યા છે.

# Heat Action Plan

મહેસાણા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ગરમીથી બચવા માટે જન જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે. શહેરમાં  38 થી વધુ જાહેર સ્થળો પર બેનર દ્વારા લોકોને  ગરમીથી બચવાના ઉપાયો અંગે માહિતી અપાઈ રહી છે.

જાહેર સ્થળોએ મફત પીવાના પાણી ની તેમજ તમામમિનરલ વોટર પ્લાન્ટ ખાતે મફત ORS પાણીના વિતરણ ની વ્યવસ્થા કરવામાં આવી છે.